પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૬૧, કુલ પાના:૪, તારીખ: ૦૩-૦૩-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 161 PRICE :-RS. 1.50 DATE : 03-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ૬ મનપા બાદ જિલ્લા-તાલુકા અને નગરપાલિકાઓમાં ભાજપનો ભગવો લહેરાયો

# ગુજરાતમાં ભાજપ અડીખમ: કોંગ્રેસનો સફાયો

- ★ ગામડાઓમાં ભાજપનું વિજય રોડરોલર ફરી વળ્યું, કોંગ્રેસના સૂપડા સાફ, ૨૩૧ તા.પંચાયતોની ૪૭૭૪ સીટોમાંથી ભાજપને ૩૧૩૯, કોંગ્રેસને ૧૧૭૨ અને આપને ૩૦ બેઠકો મળી.
- ★ જિલ્લા પંચાયતની ૯૮૦ સીટોમાંથી ૭૮૦ ભાજપને ફાળે, કોંગ્રેસને ફાળે ૧૭૦ અને અન્યને ૧૧ મળી.
- ★ નગરપાલિકાની કુલ ૨૭૨૦ બેઠકોમાંથી ભાજપને ૨૧૦૪,કોંગ્રેસને ૧૨૪૦ અને અન્ય ૨૧૦ બેઠકો મળી.
- ★ ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ભાજપની જીતઃ ૧૯ બેઠક પર વિજય.



ગાંધીનગર,

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપની મોટી જીત થઈ છે. જ્યારે કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં ભાજપ જીતી રહ્યું છે, જ્યારે કોંગ્રેસની કારમી હાર થઈ છે. અમદાવાદમાં જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપની જીત થઈ છે. અમદાવાદ જિલ્લા પંચાયત કબજે કરવા છતાં જિલ્લા પંચાયતનું પ્રમુખપદ ભાજપે ગુમાવ્યું છે. ૨૩૧ તાલુકા પંચાયતોની ૪૭૭૪ બેઠકોમાંથી ભાજપને ૩૧૩૯, કોંગ્રેસને ૧૧૭૨ અને આપને ૩૦ બેઠકો મળી છે. જિલ્લા પંચાયતની વાત કરીએ તો ૯૮૦ જિલ્લા પંચાયત સીટોમાંથી ૭૮૦ ભાજપને ફાળે, કોંગ્રેસને ફાળે ૧૭૦ અને અન્યને ફાળે ૧૧ સીટો આવી છે. જ્યારે નગરપાલિકાની કુલ ૨૭૨૦ બેઠકોમાંથી ભાજપને ૨૧૦૪, કોંગ્રેસને ૧૨૪૦ અને અન્યને ફાળે ૨૧૦ બેઠકો ગઈ છે.

અમદાવાદ જિલ્લામાં નગરપાલિકાની ૫૪ બેઠક પર ભાજપની જીત થઈ છે, જ્યારે તાલુકા પંચાયતમાં ભાજપ ૬૧ સીટથી આગળ છે, જ્યારે કોંગ્રેસે ૨૫ અને અપક્ષ ત્રણ બેઠકો પર છે.અમદાવાદ જિલ્લાની બારેજા નગરપાલિકામાં ભાજપે ૨૪ બેઠકોમાં ૨૪ બેઠક મેળવી છે. અમદાવાદમાં ૧૧ જિલ્લા પંચાયતમાં ભાજપની જીત થઈ છે. ખાસ કરીને હાર્દિકના વતન વિરમગામમાં કોંગ્રેસની હાર થઈ છે અને ભાજપની સાત સીટ પર જીત થઈ છે. અમદાવાદની ૧૩ તાલુકા પંચાયતનું પરિણામ જાહેર થયું છે, જેમાં ૧૧ ભાજપના ફાળે, બે કોંગ્રેસના ફાળે ગઈ છે. ગાંધીનગર જિલ્લા પંચાયત બેઠકમાં અમરાજીના મુવાડા-૨ બેઠક પર ભાજપના પારસબહેન કિરીટસિંહ બિહોલા ૧૦,૩૫૩ મતે વિજયી થયા છે. ગાંધીધામ નગરપાલિકામાં લહેરાયો ભગવો, ૫૨ બેઠકમાંથી ૪૭ બેઠકો પર ભાજપની જીત, ૫ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવાર જીત્યા છે. જયારે વલસાડ તા.પં.ની કુલ ૩૨ સીટમાં ૨૯ ભાજપ, ૦૨ કોંગ્રેસ અને ૦૧ અપક્ષની જીત થઈ છે.

જયારે ગાંધીનગર જિલ્લા પંચાયત માં ભાજપે ભગવો લહેરાવ્યો છે. કુલ ૨૮ માંથી ભાજપ ૧૯ કોંગ્રેસ ૯ બેઠક મેળવી છે. ગાંધીનગર સૌ પ્રથમ વાર ભાજપ ને બહુમતી મળી છે. ભાજપે ભરૂચ, વડોદરા, તાપી, સુરેન્દ્રનગર, વડોદરા, વલસાડ, રાજકોટ, ડાંગ, જામનગર, નવસારી, દાહોદ સહિતની જિલ્લા પંચાયતો કબ્જે કરી છે તો મોરબી, તાલાલા, ઉના, સુત્રાપાડા, ભરૂચ, જંબુસર, અંકલેશ્વર, આમોદ વગેરેમાં સત્તા મેળવી છે. પરિણામોમાં સૌથી વધુ ચોંકાવ્યા હોય તો આમ આદમી પાર્ટીએ. આ પક્ષે ગ્રામિણ વિસ્તારમાં પણ ઉજળો દેખાવ કર્યો છે. આ લખાય છે ત્યારે ૪૬ બેઠક પર આપનો વિજય થયો છે. જ્યારે શહેરો બાદ ગામડાઓમાં પણ કોંગ્રેસને ભારે નુકશાન થયુ છે. ભાજપે આજે કમલમ ખાતે વિજયોત્સવ મનાવ્યો છે. ૨૦૧૫માં ભાજપ ત્રણેય મોરચે પાછળ રહી ગયુ હતુ જે આ વખતે તેણે સફળતા મેળવી છે. સર્વત્ર ભગવો લહેરાવા જઈ રહ્યો છે. કોંગ્રેસના પંજા પર ભાજપનુ બુલડોઝર ફરી વળ્યુ છે. અનેક એવા કોંગ્રેસના ગઢ હતા જે ભાજપે ધ્વસ્ત કરી નાખ્યા છે.

ગુજરાતની ૩૧ જિલ્લા પંચાયત ૨૩૧ તાલુકા પંચાયત તથા ૮૧ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ૨૩ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતની પેટાચૂંટણી રવિવારે યોજાઈ હતી. તેમાં તાલુકા પંચાયતોમાં સરેરાશ ૬૬.૮૪ ટકા જેટલું મતદાન થયું હતું. ૨૦૧૫માં ૨૩૧ તાલુકા પંચાયતોની ૪૭૧૫ બેઠકમાંથી કોંગ્રેસને ૨૫૫૫ ભાજપને ૨૦૧૯ અને ૧૪૧ અન્યને મળી હતી. ૨૦૧૫માં પાટીદાર આંદોલનને કારણે તાલુકા પંચાયતોમાં ભાજપનો રકાસ થયો હતો.

## નોટબંધીના નિર્ણયને કારણે દેશમાં બેરોજગારી વધી છે: મનમોહનસિંહ



ન્યુ દિલ્હી,

મોદી સરકાર પર નિશાન સાધતા ભૂતપૂર્વ વડા પ્રધાન ડો.મનમોહન સિંહે મંગળવારે ફરી એક વખત નોટબંધીના નિર્ણયને ખોટો ગણાવ્યો છે. આ સાથે જ તેમણે કહ્યું હતું કે, ભાજપ સરકારનાં આ સમજી વિચારીને કરેલા નિર્ણયને લીધે દેશમાં બેરોજગારીનો દર વધ્યો છે અને અસંગઠિત ક્ષેત્ર ખંડેર થઈ ગયુ છે. ચૂંટણીલક્ષી કેરળમાં કોંગ્રેસ પાર્ટીનાં થિંક ટેંક રાજીવ ગાંધી ડેવલોપમેન્ટ સ્ટડીઝની વર્ચુઅલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરતાં મનમોહનસિંહે કહ્યું હતું કે, સરકાર અને ભારતીય રિઝર્વ બેંક દ્વારા કામચલાઉ પગલાઓ દ્વારા ક્રેડિટ સમસ્યાને છુપાવી શકાય નહી. “વેઈટિંગ ૨૦૨૦” નામની એક કોન્ફરન્સમાં ભૂતપૂર્વ વડાપ્રધાને કહ્યું, “બેરોજગારી વધારે છે અને અસંગઠિત ક્ષેત્ર ધરાશાહી થઈ ચુક્યું છે.” આ સંકટ ૨૦૧૬ માં થયેલા વિચાર વિહીન ડિમોનેટાઈઝેશન નિર્ણયથી ઉદ્ભવ્યું છે.” ચૂંટણી પૂર્વે યોજાયેલા આ સમારોહનો હેતુ કેરળનાં વિકાસ માટે વિઝન ડોક્યુમેન્ટ રજૂ કરવાનો છે. મનમોહનસિંહે કહ્યું કે, “સંઘવાદ અને રાજ્યોની સાથે નિયમિત પરામર્શ, જે ભારતની આર્થિક અને રાજનીતિક આધારશિલા અને બંધારણમાં નિહિત દર્શન છે, તેને વર્તમાન કેન્દ્ર સરકાર દ્વારા મહત્વ આપવામાં આવ્યું નથી.” કેરળનાં વિકાસ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતી વખતે મનમોહનસિંહે કહ્યું કે રાજ્યમાં સામાજિક ધોરણો ઉંચા છે, પરંતુ ભવિષ્યમાં, અન્ય ક્ષેત્રો પર ધ્યાન આપવાની જરૂર છે. પૂર્વ વડા પ્રધાને કહ્યું કે, અહીં ઘણા અવરોધો છે, જેને રાજ્યએ પાર કરવુ પડશે. તેમણે કહ્યું કે, આઈટી ક્ષેત્ર ડિજિટલ મોડને કારણે કામ કરી રહ્યું છે, પરંતુ રોગચાળાએ પર્યટન ક્ષેત્ર પર ખૂબ ખરાબ અસર કરી છે. તેમણે કહ્યું કે, શિક્ષણ અને આરોગ્ય પર કેન્દ્રિત થવાને કારણે કેરળનાં લોકો દેશ અને વિશ્વનાં તમામ ભાગોમાં નોકરી મેળવી શક્યા છે.

## યુપીના હાથરસમાં વધુ એક કાંડ: પુત્રીની છેડતીની ફરિયાદ કરનારા પિતાની ક્રૂર હત્યા

લખનઉ,

ઉત્તરપ્રદેશના હાથરસના નોજરપુર ગામમાં પુત્રી સાથે છેડતી થયાની ફરિયાદ નોંધાવનાર પિતાની સોમવારે સાંજે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જાણવા મળી રહ્યું છે કે આરોપી છેડતીનો કેસ પાછો ખેંચવા માટે પીડિત પરિવાર પર દબાણ કરી રહ્યો હતો. મૃતકની પુત્રીએ ૬ લોકો સામે કેસ દાખલ કરાવ્યો છે; તેમાંથી એકની ધરપકડ કરી લેવામાં આવી છે. મૃતક અમરીશ (૫૨)ના પરિવારે પોલીસને જણાવ્યું હતું કે આરોપી ગૌરવ સાથે તેમના પરિવારની જૂની દુશ્મનાવટ ચાલી રહી હતી. સોમવારે અમરીશની પુત્રી અને આરોપી ગૌરવની પત્ની-માસી ગામના મંદિરે પૂજા કરવા ગયાં હતાં; ત્યાં આ મહિલાઓ વચ્ચે ઝગડો થયો હતો. સાંજે અમરીશ પોતાના ખેતરમાં બટાકા કાઢી રહ્યો હતો. તેની પત્ની પુત્રી સાથે ભોજન લઈને ખેતરે પહોંચી હતી. આ દરમિયાન આરોપી ગૌરવ પોતાના ત્રણ મિત્રો સાથે ત્યાં આવી પહોંચ્યો અને અમરીશ પર ફાયરિંગ કર્યું હતું.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લા-તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી અન્વયે મતગણતરીનો શાંતિપૂર્ણ

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં જિલ્લા-તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી અન્વયે મહીસાગર જિલ્લાના જિલ્લા-તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીના જિલ્લા ચૂંટણી નિરીક્ષક જી.પી. બ્રહ્મભટ્ટએ તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રી આર.બી.બારડના માર્ગદર્શન નીચે મતગણતરીનો મહીસાગર જિલ્લામાં ૦૬ મતગણતરી કેન્દ્રો ઉપર શાંતિપૂર્ણ પ્રારંભ થયો હતો.



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકો માટેની સામાન્ય ચૂંટણીને ધ્યાને લઈ તાલુકાના ૬ મતગણતરી સ્થળોએ ચૂંટણી અધિકારીશ્રીઓની સાથે ઉમેદવારોની ઉપસ્થિતિમાં સ્ટ્રોંગરૂમ ખોલવામાં આવ્યા હતા. ત્યાર બાદ પ્રથમ બેલેટ પેપરની ગણતરી કરવામાં આવી હતી. ત્યારબાદ ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનના મતોની ગણતરી હાથ ધરાઈ હતી. મતગણતરી સાથે જોડાયેલા તમામ કર્મચારીઓએ સવારના ૯-૦૦ કલાકે મતગણતરીનો પ્રારંભ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનિય છે કે, લુણાવાડા જિલ્લા/તાલુકા પંચાયતની બેઠકો માટે લુણાવાડાના સંતરામપુર રોડ ઉપર આવેલ પી.એન.પંડયા આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે પોલીંગ બુથોના મતોની ગણતરી, આજ રીતે ખાનપુર તાલુકામાં બાકોરની મોડેલ સ્કૂલ ખાતે પોલીંગ બુથોના મતોની ગણતરી, સંતરામપુર તાલુકામાં સંતરામપુરની આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે પોલીંગ બુથોના મતોની ગણતરી, કડાણા તાલુકાની દિવડા કોલોની ખાતેની એકલવ્ય મોડલ સ્કૂલ ખાતે પોલીંગ બુથોના મતોની ગણતરી, બાલાસિનોર તાલુકાની-બાલાસિનોર ખાતેની કરૂણાનિકેતન હાઈસ્કૂલ ખાતે પોલીંગ બુથોના મતોની ગણતરી અને વિરપુર તાલુકાની લીંમરવાડા રોડ ઉપર આવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે પોલીંગ બુથોના મતોની ગણતરી હાથ ધરવામાં આવી હતી. આ યોજાયેલ આ મતગણતરીના કાર્યનું જિલ્લાના ચૂંટણી નિરીક્ષક જી.પી. બ્રહ્મભટ્ટએ વિવિધ મતગણતરી કેન્દ્રોની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતુ.

કલેકટર કચેરી ખાતે નિવાસી અધિક કલેકટર આર આર ઠક્કરના માર્ગદર્શન હેઠળ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો હતો. જ્યાં તમામ મતગણતરી કેન્દ્રોની માહિતી એકત્રિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# સંતરામપુર તાલુકા પંચાયતમાં ૨૧ બેઠકો બીજેપી જ્યારે ૭ બેઠકો કોંગ્રેસના હાથે લાગી

સંતરામપુર, સંતરામપુર તાલુકા પંચાયત ની ૨૮ બેઠકો તેમજ જિલ્લા પંચાયત ની ૮ બેઠકો માટે ની થયેલી ચુંટણી ની મતગણતરી આજરોજ આદિવાસી આર્ટસ અને કોર્મસ કોલેજ સંતરામપુર ખાતે યોજાયેલ હતી.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

મતગણતરી ની કાર્યવાહી ચુંટણી અધિકારી ને નાયબ કલેક્ટર સંતરામપુર ને ચુંટણી અધિકારી ને મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી સંતરામપુર ની માર્ગદર્શન ને નિગરાણી હેઠળ થયેલ હતી. મતગણતરી ની કાર્યવાહી ચુસ્ત કડક પોલીસ બંદોબસ્ત હેઠળ થયેલ હતી. આ ચુંટણી માં ભાજપ ને તાલુકા પંચાયત ની ૨૧ બેઠક પર જીત થવા પામેલ છે જેમાં ભાજપ ને બહુમતી મળતા સંતરામપુર પંચાયત પર ભાજપ નો ભગવો લહેરાયેલ છે. જયારે કોંગ્રેસ ને ૭ બેઠકો મળેલ છે.

સંતરામપુર તાલુકા ની જીલ્લા પંચાયત ની ૮ બેઠકો પૈકી ભાજપને ૫ બેઠકો મળેલ છે. જયારે કોંગ્રેસ ને ૩ બેઠકો મળેલ છે. સંતરામપુર ની ગોઠીબ જિલ્લા પંચાયત બેઠક પર મહીસાગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હરજીવન પટેલ ની હાર તેમજ ગાડીયા જિલ્લા પંચાયત બેઠક માં સંતરામપુર તાલુકા કોંગ્રેસ ના પ્રમુખ ના દીકરી કિંજલ પુરોહિત ની હાર થતા કોંગ્રેસ ના મોટા માથા ની હાર જોવા મળેલ હતી. ત્યારે સંતરામપુર ના ધારાસભ્ય કુબેર ડીંડોર ના વિસ્તાર ના બટકવાડા અને ખેડાપા જિલ્લા પંચાયત માં કોંગ્રેસ વિજયી થયેલ છે.

### મહિસગર જિલ્લા પંચાયત બેઠકો

બાબરોલ – ભાજપ – સુમાનબેન પ્રજાપતિ.
બટકવાડ – કોંગ્રેસ – પરસોત્તમ પટેલ.
ગાડીયા – ભાજપ – નિકિતાબેન શાહ
ગોઠીબ – ભાજપ – પ્રકાશ કટારા.
ગોઠીબડા – કોંગ્રેસ – ઉષાબેન અંબાલાલ પટેલ.
ખેડાપા – કોંગ્રેસ – મુકેશ પારગી
સરસવા નંદાબેન ખાટ ભાજપ લીમડી ભાજપ.

### સંતરામપુર તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવારો

બટકવાડા – કોંગ્રેસ – મહેશકુમાર નિનામાં.
બાબરોલ – કોંગ્રેસ – નાથુભાઈ તડવી.
ગાડીયા – કોંગ્રેસ – ખેમાં વેચાત બરજોડ.
ભાણાસીમલ – કોંગ્રેસ – માનસિંગ ડામોર.
ગામડી – કોંગ્રેસ – લતાબેન પગી.
આજણવા – ભાજપ – ગોરી નર્વતભાઈ.
ડોળી – ભાજપ – રેખાબેન ચમાર.
ગોઠીબ – ભાજપ – સુમન તાવીયાડ.
ભંડારા – ભાજપ – યોગેશ માલિવડ.
ભૂગડ – ભાજપ – અશોક ડામોર.
જાનવડ – ભાજપ – મીનાક્ષીબેન ડામોર.
ગડા – ભાજપ – ગીતાબેન ભાગોરા.
લીમડી – ભાજપ – માગળાબેન બરજોડ.
માચોડ – ભાજપ – વિરપરા જીનલબેન.
મોટી ભુગેડી – ભાજપ – હરીશ વળવાઈ.
ગોઠીબડા – ભાજપ – લાલીતાબેન ડામોર.
કાળીબેલ – ભાજપ – ભાનુબેન બારીયા.
નાનીરેલ – ભાજપ – ભરાતભાઈ ખાંટ.
નારસિંગપુર – ભાજપ – મહેન્દ્રભાઈ પટેલ.
કણજરા – ભાજપ – શારદાબેન પટેલિયા.
પદેડી અડોર – ભાજપ – પ્રવીણ પરમાર.
સરસવા – ભાજપ – અંબાબેન ખરાડી.
ખેડપા – કોંગ્રેસ – સોમા પારગી.
સાતકુંડા – ભાજપ – આશાબેન ખાટ.
ઉંબેર – ભાજપ – સુશીલાબેન ડામોર.
સીમલિયા – કોંગ્રેસ – સુરેશ પારગી.
ઉખરેલી – શૈલેષ ડામોર.

# મહીસાગરમાં આજે ૦૪ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૦૯૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૨-૦૩-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૯૮ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૦૦૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૩૨૭૪૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૪ દર્દી હોમ આઈસોલેશન અને ૦૪ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૯ દર્દીઓ સ્ટેબલ અને ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

# શહેરા નગરપાલિકાની ૨૦ બેઠકો પર ભાજપની જીત

શહેરા, શહેરા નગર પાલિકાની ચૂંટણીની મત ગણતરી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. પાલિકામાં ફરી એક વખત ૨૪ માંથી ૨૦ બેઠક પર ભાજપે જીત મેળવી ભગવો લહેરાયો હતો. વિજય થયેલા ઉમેદવારો એ સમર્થકો સાથે પોતાના વોર્ડમાં વિજય સરઘસ કાઢ્યુ હતુ.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા નગર પાલિકાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના સમર્થન થકી અપક્ષ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાઈ હતી. નગર વિસ્તારમાં આવેલા ૧ થી ૬ વોર્ડમાં ૨૪ બેઠક માથી ૧ નંબરના વોર્ડમાં બે ઉમેદવાર બિન હરીફ થયા હતા. રવિવાર ના રોજ યોજાઈ ગયેલ ચૂંટણીની મત ગણતરી મંગળવાર ના રોજ એસ.જે. દવે હાઈસ્કુલ ખાતે પોલીસ ના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શરૂ થઈ હતી. મત ગણતરી સ્થળ ખાતે ઉમેદવારો સાથે તેમના સમર્થકો પણ મોટી સંખ્યામા ઉમટી પડ્યા હતા. જેમ-જેમ પરીણામ બહાર આવતા ગયા તેમ-તેમ મત ગણતરી સ્થળ ખાતે કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળ્યો હતો. નગર પાલિકાની ૨૪ બેઠકો પૈકી વોર્ડ-૧ માં પહેલા જ બે ભાજપની બેઠકો બિનહરીફ થઈ ચૂકી છે આથી ૨૨ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી જેની મતગણના મંગળવારના રોજ થઈ હતી જેમાં ૧૮ બેઠકો પર ભાજપે જીત મેળવી હતી તો ૪ બેઠકો પર અપક્ષોએ પોતાની જીત નોંધાવી હતી. આમ વર્ષ ૨૦૦૫માં નગર પાલિકા અસ્તિત્વમાં આવ્યા પછી સત્તત ચોથી ટર્મ માટેનું શાસન સ્થપાયું છે. નોંધનીય છે કે ભાજપ પાર્ટી દ્વારા શહેરા પાલિકા ચોવીસે ચોવીસ બેઠકો જીતી ક્લીનસ્વીપ કરશે તેમ માનતી હતી પરંતુ ભાજપ ને મન ની મનમાં રહી ગઈ હતી. વિજેતા ઉમેદવારોને તેઓના સમર્થકો દ્વારા હારતોરા પહેરાવી તેઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. વિજેતા ઉમેદવારોએ તેમના સમર્થકો સાથે વોર્ડમાં વિજય સરઘસ કાઢ્યું હતુ. આ સામાન્ય ચૂંટણીમા નાની વયે વિજેતા થયેલા ઉમેદવારોમાં વિમલકુમાર પરમાનંદ ખુશલાણી તેમજ હનિશ ભરત કુમાર મુલચંદાણી અને જુનેદ લડબડનો સમાવેશ થાય છે. ચૂંટણી અધિકારી અમિતા પારઘી અને મદદનીશ ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં મત ગણતરી પૂર્ણ થઈ હતી.

# શહેરા તાલુકા પંચાયત વાડી બેઠકના જેલમાં રહેલ કોંગ્રેસના ઉમેદવારનો વિજય

શહેરા, સ્થાનિક સ્વરાજની તાલુકા પંચાયતની વાડી બેઠક પરથી ચૂંટણી લડી રહેલ કોંગ્રેસના ઉમેદવારનો ઝળહળતો વિજય પરંતુ લેન્ડ ગ્રેબિંગ એક્ટ મુજબ હાલ જેલમાં હોવાથી તેઓના સમર્થકો દ્વારા તેમનું વિજય સરઘસ કાઢવામાં આવ્યું. જયારે કોંગ્રેસના વિજય ઉમેદવારએ જેલમાં જીતનો જશન મનાવ્યો.



શહેરા તાલુકાના વલ્લભપુર ગામ ખાતે રહેતા જશવંતસિંહ બળવંતસિંહ સોલંકી ઉર્ફે જે.બી. કોંગ્રેસ માથી વાડી તાલુકા બેઠક પર ઉમેદવારી નોંધાવી હતી. કોંગ્રેસમાંથી જશવંત સિંહ બળવંત સિંહ સોલંકી પર ગામ માં આવેલ જમીન પચાવી પાડવાને લઈને લેન્ડ ગ્રેબિંગ એક્ટ મુજબ ફરિયાદ પોલીસ મથક ખાતે નોધાઈ હતી અને ફરિયાદ થઈ હોવાથી ધરપકડ થવાની બીકે ભાગતો ફરતો હતો. જોકે રવિવારના રોજ ચૂંટણી સંપન્ન થતાની સાથે જ નાટયાત્મક રીતે તેની ધરપકડ થતા સમગ્ર ઘટનામાં નવો જ વળાંક આવ્યો હતો. જો કે વાડી તાલુકા બેઠક ના મત વિસ્તારના મતદારો એ કોંગ્રેસ ના ઉમેદવાર પર વિશ્વાસ મુકતા તેઓને તેમના પ્રતિસ્પર્ધી સામે ૨૦૦ મતોથી વિજય બનાવ્યા હતા અને ભાજપ ના યુવા ઉમેદવાર રાજેન્દ્ર સિંહ સોલંકી ને કારમી હારનો સામનો કરવાનો આવ્યો હતો. વિજય થયેલ કોંગ્રેસ ના ઉમેદવાર જેલમાં હોવા છતાં તેમના સમર્થકોએ વિજય સરઘસ કાઢ્યું હતુ. જ્યારે વિજય થયેલ ઉમેદવાર જે.બી.સોલંકી એ જેલમાં પોતાનો વિજયનો જશન મનાવ્યો હતો. તાલુકામાં પ્રથમ વખત સામાન્ય ચૂંટણીમા જેલમાં ઉમેદવાર હોય ને તેને જીત મળી હોત તેમ બન્યુ છે.

## કાનપુરમાં ભીષણ માર્ગ દુર્ઘટના, ઓવરસ્પીડ ટ્રક પલટતાં ૨૨ શ્રમિકો દબાયા, ૬નાં કરૂણ મોત



કાનપુર, ઉત્તર પ્રદેશના કાનપુર જિલ્લામાં એક મોટી માર્ગ દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. આ દુર્ઘટનામાં ૬ લોકોનાં દર્દનાક મોત થયા છે. અનેક લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. બીજી તરફ આ ઘટનાથી આસપાસના વિસ્તારમાં સનસની ફેલાઈ ગઈ છે. સૂચના બાદ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે લાશોને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે. સાથોસાથ ઘાયલોને હૉસ્પિટલમાં દાખલ કરાવ્યા છે. મળતી માહિતી મુજબ પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી દીધી છે.

મળતી માહિતી મુજબ, આ મામલો કાનપુર ગ્રામ્યના ભોગનીપુર પોલીસ સ્ટેશનની હદનો છે. કહેવામાં આવી રહ્યું છે કે હાઈવે પર એક ઓવરસ્પીડ ટ્રક અનિયંત્રિત થઈને પલટી ગઈ. જેના કારણે ટ્રકમાં સવાર ૨૨ લોકો નીચે દબાઈ ગયા. આ દુર્ઘટનામાં ૬ લોકોનાં કરૂણ મોત થયા છે. બીજી તરફ અન્ય ૧૬ શ્રમિકોને ખૂબ જ મહેનત બાદ બહાર કાઢવામાં આવ્યા છે. તેમાંથી ૮ શ્રમિકોને ગંભીર ઈજાઓ થઈ છે, જે પૈકી એકની હાલત નાજુક હોવાનું કહેવાય છે. અન્ય ૮ શ્રમિકોને સામાન્ય ઈજાઓ થઈ છે, જેમને પ્રાથમિક સારવાર આપ્યા બાદ પરિજનોની પાસે લઈ જવામાં આવ્યા છે. ટ્રકમાં સવાર મહિલા શ્રમિક શ્યામા દેવીએ જણાવ્યું કે આ તમામ શ્રમિક હમીરપુર જિલ્લાના રહેવાસી છે જે ઈટાવા તરફ જઈ રહ્યા હતા. આ તમામે ઈટાવામાં કોલસાને લગતું કામ મળ્યું હતું જેના માટે તેઓ હમીરપુરથી રવાના થયા હતા. એક મહિલાના જણાવ્યા અનુસાર, ટ્રક ચાલક મોટા અવાજે ગીતો વગાડી રહ્યો હતો અને વાહન ખૂબ જ ખરાબ રીતે ચલાવી રહ્યો હતો. તેને કારણે ટ્રોલી પલટી ગઈ. આ દુર્ઘટનામાં મરનાર લોકોમાં માસૂમ બાળકો પણ સામેલ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૩-૦૩-૨૦૨૧, બુધવાર, મહા વદ-૫, સૂર્યોદય-૬-૪૪, સૂર્યાસ્ત-૬-૨૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્ર: સ્વાતિ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૩.૦૩.૨૦૨૧ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- મહત્વના કાર્યમાં અનુકુળતા રહેવાની નવી ઓળખાણ બાબત જાળવવું કર્જમાં રાહત રહે.
વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સ્નેહીજનોની મદદ મલવાની છે નોકરીમાં ચીવટ રાખવી ધાર્મિક કાર્યની રૂચીમાં વધારો થાય.
મિથુન(ક.છ.ઘ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું પ્રવાસ લાભદાયક રહેશે આર્થિક સમસ્યાઓ દૂર થવાની.
કર્ક(ડ.હ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો લાગણીઓને કાબુમાં રાખજો રચનાત્મક કાર્યમાં સફળતા.
સિંહ(મ.ટ.) :- અચાનક કોઈ નાણાકીય લાભ મલે મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખવી. આધ્યાત્મિક વિચારો અપનાવવા.
કન્યા(પ.ઠ.ણ.) :- આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.
તુલા(ર.ત.) :- તમારૂ અજ્ઞાન છુપાવવા બીજાની ટીકા કરવાથી દૂર રહેજો અધિકારીઓ સાથે મતભેદો ટાળજો કર્જમાં રાહત રહે.
વૃશ્ચિક(ન.ય.) :- સંતાનોની પ્રગતિ માટે ઉત્તમ દિવસ રહેવાનો મિલ્કતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી પ્રવાસમાં અનુકુળતા રહે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય. મહત્વના કાર્યો હાથ ઉપર આવે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો.
મકર(ખ.જ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મલવાની વિદેશના પ્રવાસનું આયોજન થાય. કાર્યક્ષેત્ર વધારવાની ઈચ્છા ફળવાની.
કુંભ(ગ.શ.સ.) :- વાંચન પ્રત્યે રૂચી વધારજો. થોડી ધીરજ કેળવવી ગેબી શકિતની મદદ મલે. ઓફિસમાં લકઝરી ફેરફારો થાય.
મીન(દ.ચ.ઝ.) :- આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન તમારે રાખવાનું છે આળસવૃતિ ટાળજો સીઝનલ ધંધામાં લાભ રહેશે.

# લખનૌ જતાં ભારતીય વિમાનમાં મુસાફરનું મોત, પાકિસ્તાનમાં ઈમરજન્સી લેન્ડિંગ

કરાચી, શારજાહથી લખનૌ જઈ રહેલા ભારતીય વિમાનને એક મુસાફરનું વિમાનની અંદર જ મોત થઈ જતાં પાકિસ્તાનમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું. આ વિમાન ઈન્ડિગો એરલાઈન્સનું હોવાનું જાણવા મળ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, વિમાનની અંદરના એક પેસેન્જરને હાર્ટ એટેક આવ્યો હતો



અને ત્યારબાદ તેનું તરત જ ત મોત નીપજ્યું હતું. ઘટના બની તે સમયે વિમાન હવામાં હતું.

પાકિસ્તાની મીડિયા રિપોર્ટ મુજબ, ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ નંબર ૬ઈ૧૪૧૨ એ પાકિસ્તાનના કરાચી એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવી પડી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે વિમાનની અંદરના મુસાફરને હાર્ટ એટેક આવ્યો હતો ત્યારે પાયલોટે કરાચી એરપોર્ટથી ઈમરજન્સી લેન્ડિંગની મંજૂરી માંગી હતી. વિમાન લેન્ડિંગ પહેલા જ મુસાફરનું મોત નીપજ્યું હતું.

મુસાફરના મોત અંગે ઈન્ડિગોએ કહ્યું છે કે શારજાહથી લખનૌ જઈ રહેલા વિમાનમાં મેડિકલ ઈમરજન્સી બાદ તેને કરાચી તરફ ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. દુર્ભાગ્યે મુસાફરને બચાવી શકાયો ન હતો અને મેડિકલ ટીમે તેને એરપોર્ટ પર મૃત જાહેર કર્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે આ વિમાનને પહેલા અમદાવાદ અને ત્યાંથી લખનૌ જવાનું હતું.

ગય વર્ષે રિયાધથી દિલ્હી જતી ગો-એર ફ્લાઈટને મેડિકલ ઈમરજન્સીને કારણે કરાચી એરપોર્ટ પર લેન્ડિંગ કરવું પડ્યું હતું. જો કે, જે મુસાફર માટે ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું તેને બચાવી શકાયો નહોતો. ગો-એર ફ્લાઈટ ૮-૬૬૫૮૭માં સવાર એક મુસાફરને હવામાં કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. ત્યારબાદ પાકિસ્તાન સત્તાવાળાઓએ માનવીય આધારો પર લેન્ડિંગની મંજૂરી આપી હતી. મુસાફર વિમાનમાં બેભાન થઈ ગયો હતો, જેના કારણે ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. જો કે, એરપોર્ટના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

# દાહોદ જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો સહિત પાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો

દાહોદ, દાહોદ જિલ્લામાં સ્થાનીક સ્વરાજયની ચુંટણીમાં ભાજપે પોતાનો પરચમ દેખાડી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને બે નગરપાલિકામાં ભગવો લહેરાવતાં ભાજપા પાર્ટી સહિત તેઓના નેતાઓ, કાર્યકર્તાઓ તમામમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં કોંગ્રેસના સુપડા સાફ થઈ જતાં કોંગ્રેસ પાર્ટીમાં સ્તબ્ધતા પ્રસરી જવા પામી હતી તો દાહોદ નગરપાલિકાના ૦૯ વોર્ડની ૩૬ બેઠકોમાં ૩૧ બેઠક પર ભાજપે કબજો મેળવી લીધો હતો ત્યારે માત્ર ૦૫ બેઠકો પર કોંગ્રેસ હક્ક જમાવ્યો હતો જ્યારે આપ તેમજ અપક્ષ-અન્ય પાર્ટીઓનો સફાયો થઈ ગયો હતો. ખાસ કરીને દાહોદ નગરપાલિકાની વાત કરીએ તો પ્રથમ વોર્ડથી જ્યારે કાઉન્ટીંગ શરૂ થયું ત્યારે લાગતું હતું કે, રસાકસીનો જંગ જામશે પરંતુ પ્રથમ વોર્ડની જાહેરાતમાં જ બીજેપીએ પોતાનું ખાતુ ખોલાવી સપાટો બોલાવતાં કાર્યકરોમાં ઉત્સાહ આવી ગયો હતો. શહેર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સહિત જિલ્લામાં ભાજપના પરચમના પગલે સરઘસો, જુલુસ નીકળ્યાં હતાં. રસ્તાઓ પર માત્રને માત્ર બીજેપીનો જ ભગવો રહેતો સ્પષ્ટ જોઈ શકાતો હતો.

વોર્ડ નંબર ૧માંથી માત્ર કોંગ્રેસના ફાળે એક બેઠક ગઈ હતી જેમાં તસ્નીમબેન ખોજેમાભાઈ નલાવાલા ૧૮૯૩ મતથી બેઠક કબજે કરી હતી જ્યારે બાકીના ૩ બેઠકોમાં ભાજપના માસુમા મહમદ ગરબાડાવાલા એ ૧૭૨૩ મત, સુજાનકુમાર હિમ્મતસિંહ કીશોરીએ ૨૧૬૧ મત અને લક્ષ્મણભાઈ લાલાભાઈ રાજગોરને ૩૩૭૧ મત મળ્યા હતાં અને ભાજપની આ વોર્ડમાંથી ૩ બેઠક ભાજપે કબજે કરી હતી.

વોર્ડ નંબર ૦૨માંથી ભાજપે ચારેય બેઠકો પર કબજો જમાવી ભવ્ય વીજય મેળવ્યો હતો જેમાં ફાતેમા શબ્બીરભાઈ કપુરને ૧૯૨૬ મત મળ્યા હતાં જ્યારે રાજેશભાઈ આશનદાસ સહેતાઈને ૨૮૯૬ મત, રંજનબેન કિશોરકુમાર રાજહંસને ૨૪૮૯ મત મળ્યાં હતા અને હિમાંશુ રમેશચંદ્ર બબેરીયાને ૨૪૩૫ મત મળ્યાં હતાં.આમ, વોર્ડ નંબર બેમાં ચારેય બેઠકો ભારતીય જનતા પાર્ટીએ કબજે કરી હતી.

ત્યારે બીજી તરફ વોર્ડ નંબર ૦૩ ભાજપના સુપડા સાફ થતાં કોંગ્રેસે ચારેય બેઠકો પર ભવ્ય વિજળી મેળવ્યો હતો જેમાં કોંગ્રેસના ઈશ્ત્યાકઅલી શોકતઅલી સૈયદને ૨૦૭૨ મતો મળ્યાં હતાં. કલાબેન મણીલાલ ભાભોરને ૧૭૮૯ મતો મળ્યાં હતાં. કાઈકભાઈ મોઈઝભાઈ ચુનાવાલાને ૨૫૫૦ મતો મળ્યાં હતા અને લક્ષ્મીબેન હિતેશભાઈ ભાંટને ૧૭૬૧ મતો મળતાં આ વોર્ડ નંબર ૩માં કોંગ્રેસે ચારેય બેઠકો પર જીત મેળવી હતી.

વોર્ડ નંબર ૪માં અગાઉ જ ભાજપના રીનાબેન પંચાલ બિન હરીફ ચુંટાઈ આવતાં બાકીની ત્રણ બેઠકોમાં ભાજપના તુલસીદાસ હોતચંદ જેઠવાણીને ૨૭૩૧ મતો મળ્યાં હતાં. ભાવનાબેન મનોજકુમાર વ્યાસને ૨૬૭૩ મતો મળ્યાં હતાં. રાકેશભાઈ વિઠ્ઠલભાઈ નાગોરીને ૨૨૨૨ મતો મળ્યાં હતાં. આમ, આ વોર્ડમાં પણ ભાજપે પોતાની જીત નોંધાવી હતી.

વોર્ડ નંબર ૦૫માં પણ ભાજપે પોતાનો પરચમ દેખાડી ચારેય બેઠકો પર કબજો મેળવ્યો હતો જેમાં અબીદભાઈ સમુનભાઈ ચહ્લાવાલાને ૨૫૦૪ મતો મળ્યાં હતાં. કિંજલબેન શાલિનકુમાર પરમારને ૨૪૩૮ મતો મળ્યાં હતાં. પ્રેમીલાબેન વિનોદકુમાર ક્ષત્રિયને ૨૦૩૩ મતો અને બિજલભાઈ જોગાભાઈ ભરવાડને ૨૭૩૫ મત મળતાં બાજપાનો ભવ્ય વિજય થયો હતો.

> દાહોદ જિલ્લામાં આમ આદમી પાર્ટીએ જે ભાગ ભજવ્યો હતો અને પ્રચાર-પ્રસારમાં પણ આગળ હતી પરંતુ આ વખતની ચુંટણીમાં આમ આદમી પાર્ટીને એક પણ બેઠક ન મળતાં આમ આદમી પાર્ટીના ઉમેદવારોને મતદાન ગણતરી સ્થળોએથી હારનો સ્વાદ ચાંખ્યાં બાદ વીલા મોઢે પરત ફરવું પડ્યું હતું.

વોર્ડ નંબર ૦૬માં પણ ભાજપે ચારેય બેઠકો પર કબજો મેળ્યો હતો જેમાં અશવંતબેન વલીભાઈ દલાલને ૨૯૬૨ મતો મળ્યાં હતાં. જૈનબ સૈફીભાઈ લીમડીવાલાને ૨૮૭૩ મતો, અહેમદભાઈ રસુલભાઈ ચાંદને ૩૧૧૩ મતો મળ્યાં હતાં. નીરજકુમાર નિકુંજકુમાર દેસાઈને ૨૯૧૩ મતો મળતાં આ ચારેયનો ભવ્ય વિજય થયો ગતો.

વોર્ડ નંબર ૦૭માં પણ ભાજપે ચારેય બેઠકો પર કબજો મેળ્યો હતો જેમાં નુપેન્દ્રભાઈ પ્રવિણકુમાર દોશીને ૨૨૩૨ મતો મળ્યાં હતાં. લલિત રમણભાઈ પ્રજાપતિને ૧૯૫૮ મતો મળ્યાં હતાં. શ્રધ્ધા ચિરાગભાઈ ભડંગને ૨૨૭૩ મતો મળ્યાં હતા અને હંસાબેન ધરમભાઈ મોહનીયાને ૧૮૪૧ મતોથી ચારેયે ભવ્ય વિજય મેળવ્યો હતો.

વોર્ડ નંબર ૦૮માં પણ ભાજપે ચારેય બેઠકો પર જીત મેળવી હતી જેમાં અરવા કુત્બીભાઈ બાગબાનને ૨૫૧૪ મતો મળ્યાં હતાં. નસરીન નિસારભાઈ મનસુરીને ૨૩૩૬ મતો મળ્યાં હતાં. બીલાલભાઈ રફિકભાઈ ભુલાને ૨૨૧૪ મતો મળ્યાં હતાં અને વાસીફખાન યુસુફખાન પઠાણને ૨૩૧૭ મતો મળતાં ભાજપે આ ચારેય બેઠકો પર કબજો મેળવ્યો હતો.

વોર્ડ નંબર ૦૯માં પણ ભાજપે ચારેય બેઠકો પર કબજો મેળવી લીધો છે જેમાં ચંદ્રકાન્તાબેન ગોપાલભાઈ ધાનકાને ૧૮૬૮ મતો મળ્યાં હતાં. જોગેશભાઈ હબસીંગભાઈ સંગાડીયાને ૧૭૩૬ મતો મળ્યાં હતાં. દિપેશકુમાર રમેશચંદ્ર લાલપુરવાલાને ૨૪૯૫ મતો અને સંતોષબેન મુકેશભાઈ ખંડેલવાલને ૧૭૦૦ મતોથી વિજયી થયો હતો.

આમ, દાહોદ નગરપાલિકાના કુલ ૦૯ વોર્ડની ૩૬ બેઠકોમાંથી ભાજપે ૩૧ બેઠકો કબજે કરી હતી જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર ૦૫ બેઠકો ગઈ હતી. આમ, કોંગ્રેસના દાહોદ નગરપાલિકામાં સુપડા સાફ થઈ ગયાં હતાં. જ્યારે અપક્ષ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોને કોઈએ ભાવ સુધ્ધા ન પુછ્યા હોય તેવો ઘાટ સર્જાયો હતો. ઝાલોદના બે વોર્ડની પેટા ચુંટણી યોજાઈ હતી જેમાં અગાઉ જ એકવોર્ડના ઉમેદવાર બીન હરિફ ચુંટાઈ આવ્યાં હતા અને બીજા અન્ય વોર્ડમાંથી આજે અપક્ષના ઉમેદવાર વિજીચી બન્યાં હતાં.

## દાહોદ જીલ્લા પંચાયતની ૪૦ બેઠકો ઉપર ભાજપનો કબ્જો

દાહોદ જિલ્લા પંચાયતની ૫૦ બેઠકો પરથી ૪૦ બેઠકો પર ભાજપાએ પોતાનો ભગવો લહેરાવી કબજે ૪૦ બેઠકો કબજે કરી હતી જ્યારે કોંગ્રેસના ફાળે ૦૯ અને ૧ અપક્ષના ફાળે ગઈ છે જેને જોતા જિલ્લા પંચાયતની બેઠકોમાં પણ કોંગ્રેસનો સફાયો થયો હતો.

વાત કરીએ તાલુકા પંચાયતની કુલ ૨૩૮ બેઠકોની તો આ ૨૩૮ બેઠકો પૈકી ભાજપના ફાળે ૧૯૮, કોંગ્રેસના ફાળે 30 અને અપક્ષને ૧૦ બેઠકો મળી હતી. આમ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં તમામ બેઠકો પર કોંગ્રેસના સુપડા સાફ થઈ જવા પામ્યાં હતાં.

## પેટ્રોલ-ડીઝલના ભાવો ઘટી શકે છે: આખરે મોદી સરકાર ટેક્સ ઘટાડવા તૈયાર

ન્યુ દિલ્હી, સમગ્ર દેશના નાગરિકોને ટુંકમાં પેટ્રોલ-ડીઝલના ભાવોમાં રાહત મળી શકે છે. કમરતોડ બોજ નાંખ્યા બાદ આખરે મોદી સરકાર પેટ્રોલિયમ પેદાશો પરનો ટેક્સ ઘટાડવા તૈયાર થઈ છે. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે સરકારને ટેક્સમાં કાપ મૂકવાનું સુચન કર્યુ. પછી નાણામંત્રાલય આ અંગે વિચાર કરી રહ્યું છે.

મંત્રાલયના સૂત્રોને ટાંકીને આ અહેવાલ આપ્યા છે. જે મુજબ કેન્દ્ર સરકાર પેટ્રોલ-ડીઝલ પર એક્સાઈઝ ડ્યૂટી ઘટાડવાની તૈયારી કરી રહી છે. પેટ્રોલ-ડીઝલના ભાવવધારાને કારણે વિપક્ષ સહિત ચારેબાજુથી સરકાર પર ટીકાનો મારો થઈ રહ્યો છે.

રિપોર્ટ મુજબ નાણામંત્રાલયે રાજ્ય સરકારો, ઓઈલ કંપનીઓ અને પેટ્રોલિયમ મંત્રાલયની સાથે મંત્રણા શરુ કરી છે. તેમાં ગ્રાહકોને રાહત આપવાની સાથે સરકારની તિજોરી પર બોજ પણ ન પડે તે અંગે માર્ગ શોધવામાં આવી રહ્યો છે.

મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે પેટ્રોલ-ડીઝલના ભાવો કઈ રીતે સ્થિર રાખવામાં આવે તે અંગે વિચાર કરવામાં આવી રહ્યો છે. તેના માટે માર્ચના મધ્ય સુધી સરકાર કોઈ નિર્ણય લઈ શકે છે. સરકાર ટેક્સમાં કાપ મૂકતા પહેલાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવો સ્થિર થવાની રાહ જોઈ રહી છે. જેથી ભાવિષ્યમાં ટેક્સમાં વધારો કરવાની જરુર ન પડે. દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે ટેક્સ અને રાજ્ય સરકારોએ મળીને કોઈ પગલાં લેવા પડશે. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે પણ કહ્યું છે કે સરકારોએ ટેક્સમાં કાપ મૂકવો જોઈએ. અત્યારે પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં ટેક્સનો હિસ્સો બહુ મોટો છે. પેટ્રોલના ભાવમાં આશરે ૬૦ ટકા ટેક્સ છે. તેથી ૩૬ રુપિયામાં આવતું પેટ્રોલ ટેક્સને કારણે ૯૦ રુપિયાની આસપાસ થઈ ગયું છે. એટલે કે આશરે ૫૦- ૫૫ રૂપિયા ટેક્સ લાગી રહ્યો છે.

## પંજાબમાં નશીલી દવાઓ વેચાણ કરનાર ફાંસીની સજા, આજીવન કેદ અને ૨૦ લાખ સુધીનો દંડ ફટકારાશે

ચંડીગઢ, ગયા વર્ષે પંજાબના અમૃતસર, તરૉનતારન અને ગુરદાસપુર જિલ્લામાં ઝેરી દારૂના કારણે ૧૦૦થી વધુ લોકોના મોત બાદ સરકારે સખત કાર્યવાહી કરી છે. કેબિનેટમાં લેવામાં આવેલા એક નિર્ણય મુજબ જો કોઈ વ્યકિત નશીલી દવાઓ નાંખીને દારૂ વેચશે અને દારૂ પીવાથી કોઈનું મોત થયું તો આવા દોષીઓને ફાંસીની સજા, આજીવન કેદ અને



૨૦ લાખ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે.

સરકારે અમૃતસર રેલવે દુર્ઘટનાના મૃતક પરિવારના સભ્યો અને વારસોને યોગ્યતા પ્રમાણે અલગ અલગ સંસ્થાઓમાં નોકરી આપવાની મંજૂરી પણ આપી દીધી છે. આ કેસને વિશેષ કેસ ગણાવી નિયમોમાં છૂટછાટ આપી હતી. ઉલ્લેખનીય છે કે આ ટ્રેન અકસ્માત ૧૯ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ અમૃતસરના જોઢા ફાટક પર દશેરાના દિવસે બન્યો હતો, જેમાં ૫૮ લોકોનાં મોત નીપજ્યાં હતાં અને ૭૧ લોકો ઘાયલ થયાં હતાં. આ ઘટનાને લગતા કાયદા અને નિયમો ૨૧ નવેમ્બર ૨૦૨૦ના દાયરામાં નહોતા આવતા.

આ પછી અમૃતસરના ડેપ્યુટી કમિશનરની દરખાસ્ત પર વિચાર કર્યા પછી મુખ્ય પ્રધાન કચેરીએ નિર્ણય લીધો કે રાજ્યના વિવિધ વિભાગો અને સંસ્થાઓને તેમની યોગ્યતા અનુસાર ૫૮ મૃતકોના ૩૪ પરિવારોમાંના એક એક સભ્યને નોકરી આપવી. મેક્સ હેલ્થકેર ગ્રૂપની વિનંતીને મંજૂરી આપતા પંજાબ કેબિનેટે મોહાલીની ૨૦૦ બેડવાળી મેક્સ હોસ્પિટલને આરોગ્ય વિભાગની ૦.૯૨ એકર જમીન આપવા મંજૂરી આપી છે. આ સાથે આ હોસ્પિટલની ક્ષમતામાં વધુ ૧૦૦ બેડનો સમાવેશ કરી શકાય છે, જે આ ક્ષેત્રમાં આરોગ્ય સુવિધાઓનું વિસ્તરણ કરશે.

## આંદોલન ઉગ્ર બનાવવા માટે ખેડૂતોએ લીધો મોટો નિર્ણય, ૬ માર્ચથી કરશે અમલ

ન્યુ દિલ્હી, કેન્દ્રના નવા કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂત આંદોલન ચાલુ છે. આંદોલનને ગતિ આપવા માટે ખેડૂત યુનિયનો દ્વારા અલગ અલગ જગ્યાએ પંચાયતો થઈ રહી છે. ગાઝીપુર બોર્ડર પર ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતના નેતૃત્વમાં હજુ પણ ખેડૂતો જામેલા છે. બીજી બાજુ હવે આંદોલનની અસર ગામડાઓમાં પણ જોવા મળી રહી છે. યુપીમાં અનેક જગ્યાએ ખેડૂતો દૂધની આપૂર્તિ રોકવા અને ભાવ વધારવાની જાહેરાત કરી ચૂક્યા છે. આ જ ક્રમમાં ૩ ગામમાં દૂધનો સપ્લાય રોકી દેવાયો છે.

ખેડૂત આંદોલન પ્રત્યે એકજૂથતા દર્શાવવા માટે અમરોહા જિલ્લાના ત્રણ ગામડાઓમાં ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા ખેડૂતોએ સહકારી સમિતિઓને દૂધ આપવાનું બંધ કરી દીધુ છે. ડેરી ખેડૂતોએ એવી પણ જાહેરાત કરી છે કે ૬ માર્ચથી તેઓ ૧૦૦ રૂપિયા પ્રતિ લીટર દૂધ વેચશે. હાલમાં દૂધનો સપ્લાય ૩૦ રૂપિયે પ્રતિ લીટરના ભાવે થઈ રહ્યો છે.

રિપોર્ટ્સ મુજબ સોમવારે અમરોહા જિલ્લાના ત્રણ ગામ રસૂલપુર માફી, ચુચૈલા ખુર્દ અને શહજાદપુરના ડેરી ખેડૂતોએ સહકારી સમિતિઓને દૂધની આપૂર્તિ કરવાની ના પાડી દીધી. જેના કારણે સમિતિઓના ટેક્રર્સ ખાલી જ પાછા ફર્યા.

ભારતીય કિસાન યુનિયનના યુવા પ્રદેશ અધ્યક્ષ દિગંબર સિંહે કહ્યું કે, 'અમે ખેડૂતોને દૂધના વેચાણને રોકવા માટે ઉક્સાવ્યા નથી. કૃષિ કાયદાનો વિરોધ કરનારા કારણે ખેડૂતો પોતે જ આમ કરી રહ્યા છે. આંદોલન ફક્ત અમારા સુધી સિમિત નથી. તે ગ્રાઉન્ડ સ્તર સુધી પહોંચી ચૂકયું છે અને હવે તે અન્ય ખેડૂતો તથા આમ આદમીનું સમર્થન પણ મેળવી રહ્યું છે.'

## આ વર્ષે કોરોના મહામારી સમાપ્ત નહીં થાય, આફ્રિકાના દેશોમાં વેક્સિનેશન શરૂ: WHO

ન્યૂયોર્ક, વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહ્યું હતું કે વિશ્વને આ વર્ષમાં કોરોના મહામારીમાંથી છુટકારો મળશે નહીં. વિશ્વ આરોગ્ય સંસ્થાના ઈમર્જન્સી ડાયરેક્ટર માઈકલ રેયાને સોમવારે ચેતવણી આપતાં કહ્યું હતું કે એ વિચારવું ખોટું છે કે આ વર્ષમાં કોરોના સામેની લડાઈમાં જીત મળી જશે, પરંતુ હોસ્પિટલમાં ભરતી થનારા દર્દીઓ અને મોતને ઓછાં કરીને આ મહામારીથી બહાર આવી




શકાશે. તેમણે કહ્યું હતું કે ગત સપ્તાહમાં વિશ્વભરમાં કોરોનાના કેસ વધ્યા છે. એના પરથી આપણે શીખવાની જરૂર છે.

બીજી તરફ, આફ્રિકાના દેશોમાં વેક્સિનેશન શરૂ થઈ ગયું છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું હતું કે પશ્ચિમ આફ્રિકી દેશ ઘાના અને કોટ-ડિવોયમાં લોકોને રસી આપવાની શરૂઆત થઈ ગઈ છે. ગત સપ્તાહમાં આ બન્ને દેશોમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટે એસ્ટ્રાજેનેકા-ઓક્સફોર્ડ વેક્સિન પહોંચાડી છે. ઘાનાને ૨૪ ફેબ્રુઆરીએ ૬ લાખ વેક્સિનના ડોઝ અને એના બે દિવસ પછી કોટ-ડિવોયને ૫ લાખ ડોઝ મળ્યા હતા.

વિશ્વ આરોગ્ય સંસ્થા ચીફ ટ્રેડોસ ગેબ્રેસિએસે કહ્યું હતું કે ગત સપ્તાહે યુરોપ, અમેરિકા અને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં કેસ વધ્યા છે. આવું ગત ૭ સપ્તાહમાં પ્રથમવાર બન્યું છે. આ ઘણું નિરાશાજનક છે. એનું મોટું કારણ ઘણા દેશોમાં છૂટછાટ અપાઈ છે. લોકો લાપરવાહી રાખી રહ્યા છે, જેનાથી કોરોના વેરિયન્ટ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

## રસીકરણ: દેશમાં અત્યાર સુધી કુલ ૧.૪૮ કરોડથી વધુ ડોઝ અપાઈ ચૂક્યા

ન્યુ દિલ્હી, દેશમાં કોરોના સંક્રમણ વિરુદ્ધ દેશભરમાં રસીકરણનો બીજો તબક્કો મંગળવારથી શરુ કરાયો હતો. જે અંગે માહિતી આપતાં સ્વાસ્થ મંત્રાલયના સેક્રેટરી રાજેશ ભૂષણે જણાવ્યું કે મંગળવાર બપોર સુધી દેશમાં કુલ ૧.૪૮ કરોડથી વધુ વેક્સીન ડોઝ આપી ચૂકાયા હતા. જેમાં ૨.૦૮ લાખ એવા વેક્સીન ડોઝ એવા લોકોને આપવામાં આવ્યા હતા જેમની ઉંમર ૪૫થી ૫૯ વર્ષ સુધીની હતી.

આ સિવાય દેશમાં શરુ થયેલા રસીકરણ અભિયાનના બીજા તબક્કાના એક દિવસ પહેલાથી જ દેશભરમાં વેક્સીનેશન માટે કોવિન એપ પર ૫૦ લાખથી વધુ લોકોએ નોંધણી કરાવી લીધી હતી. જોકે રસીકરણ વચ્ચે દેશભરમાં વધી રહેલા કોરોના સંક્રમણના કેસોની સ્થિતિ વિશે જણાવતાં નીતિ આયોગના સભ્ય ડો. વીકે પોલે જણાવ્યું કે કોરોના સંક્રમણ સામે બચાવ માટે જાહેર સ્થળો પર સોશિયલ ડિસ્ટેન્સિંગ અને કોવિડ ગાઈડલાઈનનું ચોક્કસપણે પાલન કરવુ જરુરી છે. દેશમાં વધી રહેલા સંક્રમણના કેસોને મુદ્દે તેમણે સલાહ આપી હતી કે, મોટા કાર્યક્રમો, પાર્ટીઓ, લગ્નો વગેરેમાં જવાથી બચો, કારણ કે આવા કાર્યક્રમો મોટા પ્રમાણમાં સંક્રમણ ફેલાવાનું કારણ બની શકે એમ છે. દેશમાં કોરોના સંક્રમણની સ્થિતિ વિશે માહિતી આપતાં સ્વાસ્થ મંત્રાલયના સેક્રેટરીએ જણાવ્યું હતું કે, દેશના કુલ સક્રિય કેસોમાંથી ૭૫ટકા કેસ કેરળ અને મહારાષ્ટ્રમાં છે.

## ગુજરાત ભાજપનો ગઢ હતું,છે અને રહેશે: રૂપાણીનો હૂંકાર

ગાંધીનગર, સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપની ઝોળીમાં મોટી સફળતા આવી છે. ૨૦૧૫માં જ્યાં જ્યાં ભાજપની હાર થઈ હતી, તેમાંની મોટાભાગની બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો છે. ત્યારે હવે સફળતા ભાજપના હાથમાં છે. ત્યારે કમલમ ખાતે ભવ્ય ઉજવણી થઈ રહી છે. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ પહોંચી ગયા છે. જીત બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, શહેરોમાં ભાજપ છે, પણ ગામડામાં ભાજપને મત નહિ મળે. પંરતુ શહેરો કરતા પણ સારુ પરિણામ ગામડામાં મળ્યું છે. કોંગ્રેસના પણ અનેક દિગ્ગજો અને ધારાસભ્ય હારી ગયા છે. નિરંજન



ભટ્ટ હારી ગયા છે. કોંગ્રેસી નેતાઓના કુટુંબીજનો હારી ગયા છે. ગુજરાતમાં જે રીતે કોંગ્રેસનો સફાયો થયો છે તે બતાવે છે કે ગુજરાત ભાજપનો ગઢ છે. નરેન્દ્રભાઈએ જે રીતે મોસાળમાં મા પીરસે તે રીતે જતન કર્યુ છે. આજે ગુજરાતની જનતાનો હું આભારી છું.

તેમણે વધુમાં કહ્યું કે, સીઆર પાટીલની ટીમને અભિનંદન આપું છું. ટીમે જે રીતે પ્લાનિંગ કર્યુ તેનો આ વિજય છે. ભૂતકાળમાં કોઈ પણ પાર્ટીને આટલી બધી બેઠકો મળી નથી. આગામી દિવસોમાં ભાજપ ગુરજાતમાં સર્વવ્યાપી સર્વસ્પર્શી વિકાસ કરશે. તમામ લોકોને સાથે લઈને ચાલશે. અમારી જવાબદારી વધી છે. પ્રજાએ પ્રેમ આપ્યો છે. વિશ્વાસ એળે નહિ જાય તેની ખાતરી આપુ છું. ગુજરાતના સપનાઓ પૂરા કરવાના ખાતરી આપું છું. કાર્યકર્તાઓએ પ્રજાનો વિશ્વાસ હજી વધારવાનો છે. ચૂંટાયેલા લોકો એ રીતે કામ કરે. આ વિજયને કાર્યકર્તાઓ વિનમ્રતાથી ઉજવે. પંચાયતોમાં કોંગ્રેસનું ચાલ્યુ હોય તો કાઉન્ટિંગ પણ ન થવા દેત. કોંગ્રેસને પહેલેથી ખબર પડી ગઈ હતી કે, તેમનુ નહિ ચાલે. કોંગ્રેસ ડૂબતી નાવડી છે. આદિવાસી, ઉત્તર, સૌરાષ્ટ્ર બધે જ ભાજપ આવ્યું છે. આદિવાસી વિસ્તોરમાં પણ જનતા ભાજપ સાથે છે. ગયા વખતે જે કચાશ રહી ગઈ હતી તેનો વ્યાજ સાથેનો બદલો મળ્યો છે.

તેમણે કહ્યું કે, નરેન્દ્ર મોદી અને અમિત શાહનું ગુજરાત છે. ગુજરાતની જનતાનો ભાજપ વતી આભાર અને ધન્યવાદ માનું છું. સી.આર. પાટીલને અભિનંદન આપું છું. લાખો કાર્યકર્તા અને સંગઠનનો વિજય છે. આ વિજય વિક્રમજનક વિજય છે. ભૂતકાળમાં કોઈ પણ રાજકીય પાર્ટીને આટલી બેઠકોને નથી મળી. વિકાસની રાજનીતિ ચૂંટણીનો મુદ્દો હતો એ જ મુદ્દા પર અને વિચલિત થયા વગર આગળ વધ્યા હતા. ૨૦૨૨માં કરી ભાજપની સરકાર બને તેનો આજે પાયો નંખાયો છે. અમારી જવાબદારી વધે છે. પ્રજાએ ખૂબ પ્રેમ આપ્યો છે તેમનો વિશ્વાસ એળે નહિ જાય તેવી ખાતરી આપું છું. આ વિજયને વિનમ્રતાથી ઉજવવા માટે કાર્યકર્તાઓને અપીલ કરુ છું.

તેમણે કોંગ્રેસ પર વાર કરતા કહ્યું કે, કોંગ્રેસ હારને પાછી કે ઠલવતી હતી. કોંગ્રેસ ડુબતુ નાવ છે. પ્રજાએ ગોતી ગોતીને તેમને હરાવ્યા છે. હવે કોઈનો વિસ્તાર રહ્યો નથી. ગત વખતે જે કચાશ રહી ગઈ હતી તેનો બદલો પ્રજાએ વ્યાજ સાથે આપ્યો છે. પ્રજાએ કોંગ્રેસને સત્તા માટે નહિ વિપક્ષ માટે પણ મંજૂરી નથી આપી. ઓવર કોન્ફિડન્સ અને લાપરવાહી ન રહે તેની ચિંતા ભાજપ કરશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 161

## ગોધરા નગરપાલિકામાં મિશ્ર જનાદેશ

# ભાજપ અને અપક્ષ વચ્ચે કાંટે કી ટક્કર : AIMIM ની ચોંકાવનારી એન્ટ્રી


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

- ઓવૈસીએ જનસભા યોજી રાતો-રાત સમિકરણો બદલી નાખ્યા.
- ભાજપને ૨૪ પૈકી ૧૮, કોંગ્રેસને ૨૦ પૈકી ૧, અપક્ષ ૧૨૫ પૈકી ૧૮, AIMIM ના ૮ પૈકી ૭ ઉમદવારો વિજેતા.
- વોર્ડ નં.૫ માં ભાજપાને પછડાટ આપીને ૩ અપક્ષોએ મેદાન માર્યું.
- વોર્ડ નં.૫ માં એક માત્ર કોંગ્રેસનો ઉમેદવાર જીતતા પક્ષની લાજ રાખી.

ગોધરા, ગોધરા નગરપાલિકાની ઉત્તેજના સભર જાહેર થયેલા પરિણામ મિશ્ર રહીને કોઈ એક પક્ષને સ્પષ્ટ બહુમતી મળી ન હતી. પોલીટેકનિક ખાતે પરિણામ જાણવા ઉત્સાહભેર વહેલી સવારથી જ લોકટોળા જામ્યા હતાં. વિજેતા થવાની સાથે વિજય યાત્રા નિકળતાં વિવિધ વિસ્તારોમાં ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા હતા. ભાજપને ૨૪ પૈકી ૧૮, કોંગ્રેસને ૨૦ પૈકી ૧ બેઠક મળી હતી. ખાસ કરીને મુસ્લિમ વિસ્તારમાં તથા અન્ય વિસ્તારોમાં અપક્ષ ૧૨૫ પૈકી ૧૮ ઉમેદવાર વિજેતા થયા છે. જ્યારે અસદઉદ્દીન ઔવેસીએ ગોધરામાં જનસભા યોજીને રાતો-રાત ચૂંટણી સમિકરણોને જીતમાં ફેરવી દેતાં સૌ પ્રથમવાર જંગમાં ઉતરનાર AIMIM ના ૮ પૈકી ૭ ઉમદવારો વિજેતા નિવડીને રાજકીય પંડીતોને ચૌકાવી દઈને કોંગ્રેસ અને અપક્ષના ગઢમાં ગાબડુ પાડ્તાં સૌ કોઈને ચિંતામાં મુકી દીધા હતા. હંમેશા ગોધરા નગરપાલિકામાં સ્પષ્ટ જનાદેશ સાંપડતો નથી. જેથી ભાજપાએ અપક્ષોના ટેકાથી સત્તા હાંસલ કરવી પડે છે. તે મુજબ અત્યારથી તડજોડની નીતિ શરૂ થઈને હવે પાલિકામાં કોનુ રાજ તેવી લોકો ચર્ચા કરી રહ્યાં છે. આ વખતે દબદબો રહેતાં અપક્ષ અને ભાજપા વચ્ચે સત્તાની ખેંચતાણ સર્જાઈ છે. જેમાં AIMIM ના ૭ ઉમદવારો પાસે હુકમ પામી છે. જો તટસ્થ અને ચૂસ્ત પણે ધારે તો પાલિકામાં અપક્ષો સત્તાના સુકાન સંભાળે તો નવાઈ નહી. તેવી જ રીતે રાજ્યમાં અને કેન્દ્રમાં ભાજપાની સરકાર હોવાથી કોઈપણ ભોગે બોડી બનાવવાની મથામણ કરીને અપક્ષ સભ્યોના માનામણા શરૂ થયાનું જાણવા મળે છે. જ્યારે વોર્ડ નં.૫ માં એક માત્ર કોંગ્રેસનો ઉમેદવાર જીતતા પક્ષની લાજ રાખી હતી. એક નજર નાંખવામાં આવે તો ૧૪ ઉમેદવારને મતદારોએ પૂનઃ વિજેતા બનાવ્યા છે. બાકીના એન્ટી ઈન્કમબન્સી ઈફેક્ટ મુજબ મતદારોએ જાકારો આપ્યો છે. ખાસ કરીને વોર્ડ નં.૩માં અપક્ષ ઉમેદવાર ચેતનભાઈ ઉર્ફે પપ્પીભાઈને અમદાવાદ પોલીસે અટકાયત કરી હતી. તેમ છતાં મતદારોએ સારો પ્રતિસાદ આપ્યો હતો. જો કે મત મગણતરી વેળા પૂનઃ ગણતરીની માંગ કરવામાં આવી હતી. આ વખતે ભાજપાએ વોર્ડ નં.૧, ૪ અને ૧૧માં અખંડીત પેનલ મેળવી હતી. સોનીવાડ તરીકે ઓળખાતો વોર્ડ નં.૫ ભાજપનો ગઢ ગણાય છે. અહીં સૌની નજર તેઓના પરિણામ પર જામી હતી. ત્યારે ભાજપાને પછડાટ આપીને ૩ અપક્ષોએ મેદાન માર્યું છે. શહેરામાં પાંચ સિંધી સમાજના સભ્યો ચૂંટાઈ આવ્યા છે. ૧૧ વોર્ડની ૪૪ બેઠકોના પરિણામ બાદ સૌથી વધુ વોર્ડ નં.૮ મોહંમદહનીફ એહમદસઈદ કલંદર (ભાણા) AIMIM ઉપરથી સૌથી વધુ ૬૦૩૨ મતો મેળવ્યા છે. તેવી રીતે સૌથી ઓછા વોર્ડ નં.૭માં ફેમીદા જાવેદ વલીવાંકા અપક્ષ ૩૯૭ મત મેળવ્યા છે. આમ હાર-જીતના પરિણામ બાદ લોકોએ વિવિધ કારણો દર્શાવીને ઉંડુ મનો-મંથન કરી રહ્યા છે.

### ગોધરા નગર પાલિકા વિજેતા ઉમેદવાર

| વોર્ડ / ઉમેદવાર | મેળવેલ મત |
|---|---|
| વોર્ડ નંબર – ૧ | |
| ગોવિંદભાઈ નાયક – (ભાજપ) | ૨૭૬૪ |
| દિવાબેન પરમાર – (ભાજપ) | ૨૭૧૦ |
| સુનિલ લાલવાની – (ભાજપ) | ૨૮૬૬ |
| હંસાબેન વાઘેલા – (ભાજપ) | ૨૫૭૬ |
| વોર્ડ નંબર – ૨ | |
| કશ્યપ મુરલી મૂળચંદાની – (ભાજપ) | ૨૧૯૩ |
| વર્ષાબેન ઠાકર – (ભાજપ) | ૧૮૬૬ |
| સવિતાબેન બુજ – ( ભાજપ ) | ૧૪૩૭ |
| નરેશ રામનાની – ( અપક્ષ ) | ૨૯૮૨ |
| વોર્ડ નંબર – ૩ | |
| ઉષ્માબેન પટેલ – (ભાજપ) | ૧૬૭૪ |
| જયપ્રકાશ હરવાણી – (ભાજપ) | ૨૨૪૨ |
| દીપેશ ઠાકોર – (ભાજપ) | ૩૦૭૬ |
| ગૌરીબેન પટેલ – (અપક્ષ) | ૧૯૨૫ |
| વોર્ડ નંબર – ૪ | |
| જીતેન્દ્ર સાવલાણી – (ભાજપ) | ૨૧૪૫ |
| ભારતી બેન પટેલ – (ભાજપ) | ૨૪૩૩ |
| રમીલાબેન સોલંકી – (ભાજપ) | ૧૬૩૭ |
| રાકેશભાઈ રાણા – (ભાજપ) | ૨૦૦૫ |
| વોર્ડ નંબર – ૫ | |
| નસીમબાનું શેખ – (કાંગ્રેસ) | ૧૩૮૩ |
| રાજેશ ( રાજુ ) દરજી – (અપક્ષ) | ૧૮૬૫ |
| સેજલબેન સોની – (અપક્ષ) | ૧૮૫૧ |
| સંજય સોની – (અપક્ષ) | ૨૨૧૯ |
| વોર્ડ નંબર – ૬ | |
| ઈસહાક ઘાચીભાઈ – (MIM) | ૫૬૫૭ |
| મકસુદા બોગલ – (અપક્ષ) | ૧૨૯૮ |
| મેહફુજ પટેલ – (અપક્ષ) | ૩૪૪૯ |
| સફુરાબીબી સદામસ – (અપક્ષ) | ૧૦૮૬ |
| વોર્ડ નંબર – ૭ | |
| મો.ફેજલ સુજેલા – (MIM) | ૪૦૯૯ |
| ઝૂલેખા રહેમત – (અપક્ષ) | ૮૬૪ |
| ફેમીદા વલીવાંક – (અપક્ષ) | ૩૯૭ |
| સદ્દીખ સાહેબખા – (અપક્ષ) | ૧૬૫૭ |
| વોર્ડ નંબર – ૮ | |
| મોહમદ હનીફ કલંદર – (MIM) | ૬૦૩૨ |
| હફ્સા ચિંતામન – (MIM) | ૪૪૧૪ |
| અલતાફ હયાત – (અપક્ષ) | ૨૨૬૭ |
| મુમતાજ મીઠા – (અપક્ષ) | ૮૯૪ |
| વોર્ડ નંબર – ૯ | |
| તાહેરાબાનુ મોલવી – (MIM) | ૨૫૯૮ |
| મોહમદ જાબીર રશીદભાઈ – (MIM) | ૨૩૬૬ |
| મોહમદ અકરમ પટેલ – (અપક્ષ) | ૧૮૩૨ |
| સોફિયા જમાલ – (અપક્ષ) | ૧૬૩૧ |
| વોર્ડ નંબર – ૧૦ | |
| જલાઉદ્દીન સૈય્યદ – (MIM) | ૪૧૫૬ |
| અકરમ દીવાન – (અપક્ષ) | ૨૧૦૩ |
| કુ.આરેફા બકકર – (અપક્ષ) | ૧૭૦૦ |
| શબનમ બાનું પઠાણ – (અપક્ષ) | ૧૦૧૬ |
| વોર્ડ નંબર – ૧૧ | |
| ગૌરીબેન જોશી – (ભાજપ) | ૨૮૩૭ |
| રૂપેન મહેતા – (ભાજપ) | ૨૫૫૩ |
| નિમ્મીબેન પરીખ – (ભાજપ) | ૨૨૭૬ |
| જયેશભાઈ ચૌહાણ – (ભાજપ) | ૨૦૭૬ |

## પંચમહાલ જીલ્લો ભાજપમય

# નો રિપીટ થિયરી હેઠળ જીલ્લા પંચાયતના તમામ ઉમેદવારો વિજેતા : તાલુકામાં સત્તા પૂનઃ સ્થાપિત



- પંચમહાલ જિલ્લા પંચાયતની તમામ ૩૮ બેઠકો પર ભાજપના ઉમેદવાર વિજયી બન્યા.
- તાલુકા પંચાયતની કુલ ૧૭૮ પૈકી ૧૬૮ બેઠકો ભારતીય જનતા પાર્ટીએ જીતી.
- જિલ્લા પંચાયત માં કોંગ્રેસ અને અન્ય પક્ષો ખાતું ખોલાવવા માં પણ રહ્યા નિષ્ફળ.
- તાલુકા પંચાયત ની ૧૭૮ બેઠકો પૈકી ભાજપે ૧૬૯ બેઠકો પર પરચમ લહેરાવ્યો.
- તાલુકા પંચાયત માં માત્ર ૪ બેઠકો કોંગ્રેસ ના ફાળે જ્યારે ૫ બેઠકો અપક્ષો ના ફાળે.

ગોધરા, સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-૨૦૨૧ અંતર્ગત જિલ્લામાં થયેલ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ ગોધરા- શહેરા નગરપાલિકા માટે આજે કુલ ૯ સ્થળોએ ઉત્સાહભેર મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જિલ્લા પંચાયતની તમામ ૩૮ બેઠકો પર ભાજપના ઉમેદવાર વિજયી બન્યા હતા.

જાહેર થયેલા પરિણામ બાદ પંચમહાલ જિલ્લા પંચાયત માં કોંગ્રેસ અને અન્ય પક્ષો ખાતું ખોલાવવા માં નિષ્ફળ રહ્યાં હતાં. તાલુકા પંચાયત ની ૧૭૮ બેઠકો પૈકી ભાજપે ૧૬૯ બેઠકો પર પરચમ લહેરાવ્યો હતો. તાલુકા પંચાયત માં માત્ર ૪ બેઠકો કોંગ્રેસ ના ફાળે જ્યારે ૫ બેઠકો અપક્ષો ના ફાળે ગઈ છે. પંચમહાલ જીલ્લા પંચાયતમાં ભાજપાએ પ્રથમવાર નો રિપીટ થિયરી અપનાવીને તમામે તમામ ૩૮ બેઠકો ઉપર નવા મુરતિયાઓને ચૂંટણી જંગમાં ઉતાર્યા હતા અને આ ચહેરા વિજેતા બનતા ભાજપાનો દાવ સફળ નિવડ્યો હતો. અને ગત વખતી કોંગ્રેસની બેઠકો પણ આંચકી લીધી હતી. ભાજપાનો સ્ટ્રીમ રોલર ફરી વળતાં ભાજપાએ ઐતિહાસિક જીત હાંસલ કરી હતી. તેવી રીતે ૭ તાલુકામાં ભાજપાએ પૂનઃ સત્તાના સૂકાન સંભાળ્યા છે.

તાલુકા પંચાયતની કુલ ૧૭૮ પૈકી ૧૬૮ બેઠકો ભારતીય જનતા પાર્ટીએ જીતી મતગણતરીના પરિણામોમાં શહેરા નગરપાલિકાના ૬ વોર્ડની કુલ ૨૪ બેઠકો પૈકી ૨૦ બેઠકો પર ભાજપે જીત મેળવી હતી જ્યારે ૪ બેઠકો અપક્ષને ફાળે ગઈ હતી. જિલ્લા પંચાયતની જિલ્લામાં આવેલી ગોધરા તાલુકામાં આવેલી ૯, કાલોલ તાલુકામાં આવેલી ૦૫, હાલોલ તાલુકામાં આવેલી ૦૫, ઘોઘંબા તાલુકામાં આવેલી ૦૬, જાંબુઘોડામાં આવેલી ૦૧, શહેરા તાલુકામાં આવેલી ૦૭ અને મોરવા હડફ તાલુકામાં આવેલી ૦૫ એમ તમામ ૩૮ બેઠકો પર ભારતીય જનતા પક્ષના ઉમેદવાર વિજયી બન્યા હતા. આ પૈકીની અણિયાદ, દલવાડા, નાંદરવા અને કાનપુરની બેઠકો બિનહરીફ જાહેર થઈ હતી. આ સાથે જ હાથ ધરાયેલ તાલુકા પંચાયતના પરિણામ જોઈએ તો વિવિધ તાલુકા પંચાયતની કુલ ૧૭૮ પૈકી ૧૬૮ બેઠકો પર ભાજપ, ૦૬ બેઠકો લર અપક્ષ અને ૦૪ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવાર વિજયી બન્યા હતા. ભાજપે ગોધરા તાલુકા પંચાયતની ૩૪ બેઠકો પૈકી ૩૩, કાલોલ તાલુકા પંચાયતની ૨૪ બેઠકો પૈકી ૨૨, હાલોલ તાલુકા પંચાયતની ૨૪ પૈકીની ૨૩, ઘોઘંબા પંચાયતની ૨૬ પૈકી ૨૫, જાબુંઘોડાની તમામ ૧૬ બેઠકો, શહેરા તાલુકા પંચાયતની ૩૦ પૈકીની ૨૮ બેઠકો અને મોરવા હડફ તાલુકા પંચાયતની ૨૪ પૈકીની ૨૧ બેઠકો ભાજપે જીતી હતી, જ્યારે ગોધરા તાલુકા પંચાયતની પોપટપુરા, હાલોલની શિવરાજપુર, શહેરાની વાડી અને મોરવા હડફની સુલીયાત બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર જીત્યા હતા. ઘોઘમ્બા તાલુકા પંચાયતની બાકરોલ, શહેરાની મંગલિયાણા, કાલોલ તાલુકા પંચાયતની પલાસા અને વેજલપુર, મોરવા હડ્ફની કુવાઝર અને વનેડા બેઠકો અન્ય ઉમેદવારોના ફાળે ગઈ હતી.

### તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની બેઠકો

: ગોધરા તાલુકો :
તાલુકા પંચાયત ૩૪ બેઠકો
ભાજપ ૩૩
કોંગ્રેસ ૦૧
અપક્ષ ૦૦
જિલ્લા પંચાયત ૦૯ બેઠકો ભાજપ વિજયી

: કાલોલ તાલુકો :
તાલુકા પંચાયત ૨૪ બેઠકો (૨ બિનહરીફ)
ભાજપ ૨૨
કોંગ્રેસ ૦૦
અપક્ષ ૦૨
જિલ્લા પંચાયત કુલ ૫ બેઠકો ભાજપ વિજયી

: હાલોલ તાલુકો :
તાલુકા પંચાયત ૨૪ બેઠકો (૧ બિન હરીફ)
ભાજપ ૨૩
કોંગ્રેસ ૦૧
અપક્ષ ૦૦
જિલ્લા પંચાયત ૦૫ બેઠકો પર ભાજપ વિજયી

: ઘોઘંબા તાલુકો :
તાલુકા પંચાયત ૨૬ (૧ બીન હરીફ)
ભાજપ ૨૫
કોંગ્રેસ ૦૦
અપક્ષ ૦૧
જિલ્લા પંચાયત ૦૬ બેઠકો પર ભાજપ વિજયી

: જાંબુઘોડા તાલુકો :
તાલુકા પંચાયત ૧૬ બેઠકો
ભાજપ ૧૬
કોંગ્રેસ ૦૦
અપક્ષ ૦૦
જિલ્લા પંચાયત ૦૧ બેઠક પર ભાજપ વિજયી

: શહેરા તાલુકો :
તાલુકા પંચાયત ૩૦ બેઠકો (૧૬ બિનહરીફ)
ભાજપ ૨૯
કોંગ્રેસ ૦૧
અપક્ષ ૦૦
જિલ્લા પંચાયત ૦૭ બેઠકો પર ભાજપ વિજયી

: મોરવા હડફ તાલુકો :
તાલુકા પંચાયત ૨૪ બેઠકો
ભાજપ ૨૧
કોંગ્રેસ ૦૧
અપક્ષ ૦૨
જિલ્લા પંચાયત ૦૫ બેઠકો પર ભાજપ વિજયી

: શહેરા નગર પાલિકા :
૬ વોર્ડ ૨૪ બેઠકો
ભાજપ ૨૦
કોંગ્રેસ ૦૦
અપક્ષ ૦૪

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં તાલુકા જિલ્લા પંચાયત બેઠકો પર ભાજપનો દબદબો યથાવત


તસ્વીર : તુષાર દરજી, શહેરા

### શહેરા તાલુકાના ૧૮ બેઠકો પર યોજાયેલ ચૂંટણીમાં ૧૭ બીજેપીના ફાળે

શહેરા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જિલ્લા પંચાયત ૭માથી ૩ બિન હરીફ થવા સાથે તાલુકા પંચાયત 30 માથી ૧૧મા પણ બિન હરીફ થઈ હતી. ૧૯ તાલુકા પંચાયત ની બેઠક પર ની ચૂંટણી મા ૧૭ભાજપ ને ફાળે આવવા સાથે વાડી બેઠક કોંગ્રેસ અને મંગલિયાણા બેઠક અપક્ષને ફાળે ગઈ હતી. ૪ જિલ્લા પંચાયત ભાજપ ની જીત થઈ હતી.

### શહેરા મંગલીયાણા બેઠક પર અપક્ષનો વિજય

શહેરામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં તાલુકા બેઠક મંગલીયાણા પર ભાજપ, કોંગ્રેસ અને અપક્ષના ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. આ બેઠક પર અપક્ષના ૨૪ વર્ષીય ઉમેદવાર રોહિત પગીની જીત થઈ હતી. આ બેઠક પરના અપક્ષ ના જીતેલા ઉમેદવારે ભાજપમાં જોડાશે અને મત વિસ્તાર નો વિકાસ કરવાની વાત કરી હતી.

બોરીયા ૫ – રમીલાબેન જશવંતસિંહ પગી.
ધામણોદ ૭ – દુધાભાઈ ભવનસિંહ બારીયા.
સુરેલી ૩૧ – કિરણસિંહ સોમસિંહ બારીયા.
વાડી ૩૪ – લીલાબેન દિલીપસિંહ સોલંકી.

શહેરા, શહેરામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ની મત ગણતરી શાંતિ પૂર્ણ માહોલ પૂર્ણ થઈ હતી. જિલ્લા પંચાયતમાં ચાર બેઠકો પર ભાજપના ઉમેદવારોને જીત મળવા સાથે તાલુકા પંચાયતની ૧૯ બેઠકો માથી ૧૭ ભાજપ ના ફાળે અને એક કોંગ્રેસ તેમજ એક અપક્ષ ના ૨૪ વર્ષીય યુવા ઉમેદવારની જીત થઈ હતી.

૨૮મી ફેબ્રુઆરીના રોજ શહેરા તાલુકામાં ૧૯ તાલુકા પંચાયત અને ચાર જિલ્લા પંચાયત બેઠકની ચૂંટણીઓ યોજાઈ હતી. શહેરા નગરના મોડેલ સ્કૂલ કાંકરી ખાતે પોલીસ ના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મત ગણતરી શરૂ થઈ હતી. સવારથી જ મત ગણતરી સ્થળ ખાતે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો પોતાની જીત ની આશા સાથે પોતાના સમર્થકો સાથે ઉમટી પડયા હતા. કોવિડ-૧૯ની માર્ગદર્શિકા મુજબ મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી સાથે જ સોસ્યલ ડિસ્ટન્સ ની પણ જાળવણી રાખવામાં આવી હતી બપોર સુધી ચાલેલી મતગણતરીના અંતે તાલુકા પંચાયતની ૧૯ બેઠકોમાંથી ૧૭ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો હતો ૧ બેઠક પર અપક્ષનો અને ૧ બેઠક પર કોંગ્રેસે જીત મેળવી હતી. ભાજપ સમર્થકોએ પોતાના ઉમેદવારની જીત થતાં ફૂલહાર પહેરાવી તેઓની જીતના વધામણાં કર્યા હતા જોકે પોતાના મત વિસ્તારમાં દરેક વિજેતા ઉમેદવારોએ વિજય સરઘસ કાઢી લોકઅભિવાદન કર્યું હતું.

# કાલોલમાં ભાજપનો ભગવો લહેરાવી કોંગ્રેસ મુક્ત બન્યું


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ, તાલુકામાં જિલ્લા/તાલુકાની સ્વરાજયની ચૂંટણીમાં જિલ્લાની-૫ આને તાલુકાની-૨૨ બેઠક પર વિજય મેળવી ભાજપનો ભગવો લહેરાવ્યો છે. જ્યારે બે સીટો અપક્ષના ભાગે આવી છે. સ્થાનિક મતદારોએ, સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપાની પેનલોને મન મુકી મત આપતા કાલોલ તાલુકા પંચાયતમાં સતત પાંચમી વખત વિજેતા નિવડેલ છે.

કાલોલ તાલુકામાં જિલ્લા/તાલુકાની બેઠકો માં જિલ્લાની-૫ આને તાલુકાની-૨૨ બેઠકો પર ભાજપાનો ભગવો લહેરાયો છે. તાલુકા પંચાયતની કુલ ૨૪ બેઠકો પૈકી માત્ર બે જ બેઠક પર ભાજપાના ઉમેદવારને પરાસ્ત કરી અપક્ષ ઉમેદવારે બાજી મારી લીધી છે. મતગણતરીના પરિણામોને લઈ તાલુકા કક્ષાએ મુખ્ય વિરોધપક્ષ કોંગ્રેસનું અસ્તિત્વ જોખમાયું છે. ગત ચૂંટણીમાં ૬ બેઠકો પર પ્રભુત્વ જાળવનાર કોંગ્રેસનો એક પણ ઉમેદવાર આ ચૂંટણીમાં નહિ જીતતા કાલોલ તાલુકા પંચાયત હાલના તબક્કે કોંગ્રેસ મુકત બની છે. પરિસ્થિતિ પારખી ગયેલા કોંગ્રેસના સ્થાનિક કદાવર નેતાઓ પૈકી માત્ર નિરવ પટેલના ધર્મપત્ની એ જ વેજલપુર જિલ્લા પંચાયત બેઠક પરથી ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું જેઓનો પણ વિજયથી વંચિત રહ્યા છે. આ સાથે જ કુલ ૬ બેઠકો પર કેજરીવાલ પ્રેરિત આમ આદમી પાર્ટીના ઉમેદવારોનો પણ કરુણ રકાસ થયો છે. એકંદરે ભાજપાએ તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતમાં સત્તા પુનઃ મેળવી છે.

### બીજેપી જીલ્લા પ્રમુખના ઘઢમાં અપક્ષ ઉમેદવારએ ગાબડુ પાડયું

કાલોલ તાલુકામાં શરુઆતમાં જ ભાજપને કોંગ્રેસના વિધાન સભાના દાવેદારના મતવિસ્તારના ઉમેદવારનું ફોર્મ પરત ખેંચી લેતા કોંગ્રેસની બેઠકમાં ગાબડું પડ્યું હતું અને ભાજપના ઉમેદવારને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યો હતો.જયારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના તરીણામ બહાર આવતાં ભાજપનાં ભારે વિજય સામે વેજલપુર તાલુકા પંચાયતની બેઠક પર ભાજપ/કોંગ્રેસના બંન્નેને ઉમેદવારોને પરાજય કરી અપક્ષના ઉમેદવારે વિજય મેળવ્યો હતો. ઉલ્લેખનીય એ છેકે તાલુકાની ૨૨ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો પણ ભાજપનાં જિલ્લા પ્રમુખના ગઢમાં જ ભાજપની બેઠકન ન સચવાતાં અપક્ષે વિજય મેળવ્યો છે. જે ભાજપની શરમ જનક હાર થયાની લોક ચચોઓ વહેતી થઈ હતી.

# પંચમહાલ જિલ્લાના ભાજપ પ્રમુખ ના ગઢ માં ગાબડું : અપક્ષ વિન


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર, કાલોલ તાલુકાની ૨૨ બેઠકો પર ભાજપાનો ભગવો લહેરાવ્યો છે પણ વેજલપુર બેઠક ઉપર અગાઉ બે પક્ષોએ ભાજપાને ટેકો જાહેર કરવા છતાં અપક્ષે બાજી મારીને વિજેતા બનતાં પંચમહાલ જીલ્લાના ભાજપ પ્રમુખના ગઢમાં ગાબડું પાડ્યું છે.

કાલોલ તાલુકાની વેજલપુર સીટ ઉપર રચાયો ઈતિહાસ સૌ પ્રથમ મુસ્લિમ કેન્ડીડેટ અપક્ષ ઉમેદવાર વિન પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાનું વેજલપુર ગામ બીજેપી પ્રમુખ નુ ગઢ હોવા છતાં અપક્ષ ઉમેદવાર એ બાજી મારી છે તાલુકા પંચાયતની વેજલપુર સીટ ઉપર બીજેપી કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવારો એ એડીચોંટીનું જોર લગાવી દીધુ હતુ ત્યારે અપક્ષ ઉમેદવાર એ ૪૩૦ વોટો જીત મેળવી હતી અને બીજેપી ઉમેદવાર હરાવી દેતા બીજેપી ના ગઢમાં ગાબળુ પડતા બીજેપી ઉમેદવારોમાં ગમ નો માહોલ બીજી તરફ અપક્ષ ઉમેદવાર વિજય મેળવી ગામમાં ડીજે સાથે પ્રવેશ કરતા અનેક લોકોએ ફૂલોના હારથી સ્વાગત કર્યુ હતું અને ગામ મા ખૂબ મોટી સંખ્યામા લોકો ઉમટી પડ્યા હતા જેથી લોકોમાં અનોખી ખુશી જોવા મળી હતી બીજી તરફ બે અપક્ષ ઉમેદવારો એ બીજેપી ને સમર્થન આપ્યું હતું તેમ છતા બીજેપી ઉમેદવાર ને હારવાનો વારો આવ્યો છે કાલોલ તાલુકાની વેજલપુર સીટ ઉપર અગાઉ કોંગ્રેસએ બાજી મારી હતી અને આ વખતે અપક્ષ ઉમેદવાર એ બાજી મારતા કોંગ્રેસને વેજલપુર સીટ ગુમાવવાનો વારો આવ્યો છે ત્યારે વાત કરીએ તો હાલ વેજલપુર સીટ ઉપર અપક્ષ ઉમેદવાર સલીમભાઈ કઠિયા વિજય મેળવ્યો છે તેઓ કોંગ્રેસ પક્ષના વર્ષોના કાર્યકર હોવાથી સલીમભાઈ કઠિયાએ કોંગ્રેસ માંથી ટીકીટની માગણી કરી હતી પરંતુ કોંગ્રેસ પક્ષએ આટલા વર્ષો જૂના કાર્યકર હોવા છતાં કોંગ્રેસ પક્ષએ મેન્ડેડ ન આપતા કોંગ્રેસ પક્ષથી નારાજ થઈને અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી અને સલીમ ભાઈ કઠિયાએ અપક્ષ ઉપર જીત મેળવી બતાવી છે અને કોંગ્રેસ પક્ષ ને કાલોલ તાલુકાની વેજલપુર સીટ ગુમાવવાનો વારો આવ્યો છે.